

# અનુપમ તારલા

અનુપમ મિશન દ્વારા દર બે મહિને પ્રકાશિત થતું બાળકો માટેનું સંસ્કારલક્ષી સામયિક

ફેબ્રુઆરી-૨૦૨૧ * વર્ષ : ૨ * અંક : ૧ * સળંગ અંક : ૪ * અનુપમ તારલા

## તંત્રીની કલમે



વ્હાલાં બાળ અક્ષરમુક્તો,

સૌને જય શ્રી સ્વામિનારાયણ !

'અનુપમ તારલા'ના બીજા વર્ષનો પ્રથમ અંક આપને અર્પણ કરતાં આનંદ અને સુખની લાગણી અનુભવીએ છીએ. અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, મોગરીમાં 'મંદિરજી' રચાયાંને એક વર્ષ પૂર્ણ થયું. શ્રી ઠાકોરજી મહારાજની પ્રાણપ્રતિષ્ઠાનો પ્રથમ પાટોત્સવ વિક્રમ સંવત ૨૦૭૭ પોષીપૂનમ તા. ૨૮.૧. ૨૦૨૧ ના રોજ ખૂબ દિવ્યતાથી ઉજવાઈ ગયો.

આ અંકમાં કેટલીક માહિતી, લેખ કે પઝલ મૂક્યાં છે તેનો જરૂરથી આનંદ લેજો. આ પ્રવૃત્તિમાં ભાગ લેવાથી આપના જ્ઞાનમાં ચોક્કસ વધારો થશે જ.

આ અંકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને રચેલ મંદિરોનો સામાન્ય ઉલ્લેખ કરેલ છે. આ મંદિરો વિશેની સંપૂર્ણ માહિતી 'બ્રહ્મનિર્ઝર'ના જાન્યુઆરી-૨૦૨૦થી ડિસેમ્બર-૨૦૨૦ દરમિયાનના અંકોમાં પ્રસિદ્ધ થયેલ છે તે જરૂરથી વાંચશો. આ મંદિરોની વિગત સમજવામાં મુશ્કેલી પડે તો તમારાં માતાપિતાની સહાય લેજો.

'અનુપમ તારલા'ના દરેક અંકમાં 'દિવ્ય જીવનના પંથે' પ્રસિદ્ધ થાય છે તે વાંચી તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરો છો ને ?.

એક વાત પૂછું, ભગવાન સ્વામિનારાયણના આધ્યાત્મિક વારસાને વહાવનાર ગુણાતીત સ્વરૂપો વિશે જાણો છો ? 'અનુપમ તારલા'માં આપણે દરેક સ્વરૂપ વિશે માહિતી મૂકીએ છીએ તે વાંચતા રહેજો. તમને 'અનુપમ તારલા'ની આ બધી માહિતી વાંચવાનું ગમે છે ? તો તે પત્ર લખી જણાવજો.

ગુરુવર્ય સંતભગવંત સાહેબદાદાનો બાળકો માટે 'અનુપમ તારલા' તથા 'ઇન્ટરનેશનલ બાળસભા'ની પ્રવૃત્તિઓ શરૂ કરવાનો આશય એ છે કે, આપણે સત્સંગનો વારસો જાળવી રાખીએ, આપણામાં સંસ્કારોનું સિંચન થાય અને આપણે કુસંગથી દૂર રહી શકીએ. તેમજ આપણે સૌ સ્વરૂપો, સંતો અને માબાપનો રાજીપો મેળવી શકીએ.

સંતભગવંત સાહેબદાદા આપણું કેટલું ધ્યાન રાખે છે તે વિચારીએ તો ધન્યતાનો કેટલો બધો ભાવ ઉભરાઈ આવે છે ! તો ચાલો, સાહેબદાદાની સ્મૃતિ સાથે આ અંકના વાંચનનો પ્રારંભ કરીએ.



# ચાલો, આજે મુગટ બનાવીએ...



# ગમ્મત ગુલાલ



સફેદ કાગળ ઉપર મુગટ દોરવો.



દોરેલ આકાર કાતરથી આકારને કાપવો.



ફેવિકોલની મદદથી આકાર દોરવો.



તેની ઉપર ટીલડીઓ ચોંટાડવી.





રંગીન ટીલડી, તોઈ અને રંગીન સ્ટોન ચોંટાડવા. કોર્નરમાં કાણું પાડીને તોઈ પરોવવી.

**સામગ્રી** : રંગબેરંગી કાગળ (જાડો), કાતર, ફેવિકોલ, તોઈ, મણકાં, રંગીન સ્ટોન, રંગીન કોટન કાપડ, રંગબેરંગી ટીલડીઓ વગેરે.



**રીત** : સફેદ કાગળ ઉપર મુગટ દોરી તેને કાતરથી કાપો. તે કપાયેલ ડિઝાઈનથી રંગીન કાગળ અને કોટન કાપડ કાપો. રંગીન કાગળની એક બાજુ આકાર પ્રમાણેનું રંગીન કોટન કાપડ ચોંટાડો. ત્યાર પછી તેની બોર્ડર ઉપર ફેવિકોલ લગાવીને તેની ફરતે તોઈ ચોંટાડો. ત્યાર બાદ ઉપર મુગટના ચિત્રમાં બતાવેલ જુદા જુદા આકારમાં રંગીન ટીલડી અને સ્ટોન ફેવિકોલથી ચોંટાડીને સુશોભન કરો. ચિત્રમાં બતાવ્યું છે તે મુજબ કાણું પાડી બંને છેડે તોઈ લગાડો. મુગટ તૈયાર છે. તમારી સૂઝબૂઝથી મુગટ તૈયાર કરો. આ મુગટને તમે ઠાકોરજી માટે કે સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ ઉપયોગ કરી શકો છો.









બેલેન્સ ડાયટના સેમિનારમાં એક પ્રશ્ન પૂછાયો,
'કઠોળના ફાયદા શા ?'
એક ભાઈએ નિર્દોષભાવે જવાબ આપ્યો,
'શાક સુધારવું ના પડે.'

*****

વિજ્ઞાનશિક્ષક : સૂઈ ગયો ?
વિદ્યાર્થી : ના સાહેબ, ગુરુત્વાકર્ષણબળને લીધે માથું નીચે જતું રહે છે.

*****

શિક્ષક : દુનિયાનો સૌથી ખતરનાક સાપ ક્યાં છે ?
વિદ્યાર્થી : સાહેબ, સાપસીડીની રમતમાં 99 નંબરના ખાનામાં.





*****

એક બાળકે બીજા બાળકને પૂછ્યું,
'તું ચીની ભાષા વાંચી શકે ?'
બીજો બાળક : હા, તે ગુજરાતીમાં લખેલી હોય તો...



# ચાલો,
# 'મંદિર' વિશે જાણીએ...



'મંદિરજી', અનુપમ મિશન, મોગરી

સાહેબદાદાના સૌ અનુપમ તારલાઓને

જય શ્રી સ્વામિનારાયણ...!

શું તમને પ્રશ્ન થાય છે કે, આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના પ્રગટ ગુણાતીત સ્વરૂપો સૌ સંતો, એકાંતિક ભક્તો, સત્સંગીઓનો સાથ લઈને મંદિર કેમ બનાવે છે ? શું તમારે જાણવું છે કે, મંદિર શું છે ?

તો ચાલો, આજે મંદિર વિશે થોડુંક જાણીએ અને સમજીએ.



'મંદિર' એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે, જેનો અર્થ થાય છે "પૂજા કરવા માટેનું સ્થાન અથવા પ્રાર્થના કરવા માટેનું સ્થાન." બીજા અર્થમાં "પૂજા અને પ્રાર્થના દ્વારા મન શાંત કરી સુખનો અનુભવ કરવાનું સ્થાન." જ્યાં કોઈ પણ જાતિ-જ્ઞાતિ, બાઈ-ભાઈ, ઊંચ-નીચ, ગરીબ-તવંગર જેવા મતભેદોને ભૂલી બધાં જ લોકો આધ્યાત્મિક પ્રગતિ કરવા, સમાજની સેવા કરવા, તહેવારોની ઉજવણી કરવા અને મનની શાંતિ મેળવવા માટે ભેગાં થાય છે.

આપણે અક્ષરજ્ઞાન મેળવવા માટે શાળાએ જઈએ છીએ અને તેના લીધે આપણે ભણવાની સાથે સાથે આપણી સમજણશક્તિ વિકસાવી સમાજમાં આગવું સ્થાન મેળવીએ છીએ. જો આપણે બીમાર પડીએ કે આપણા શરીરના કોઈ ભાગે ઈજા થાય કે હાડકું તૂટી જાય તો આપણે સારવાર માટે દવાખાને / હૉસ્પિટલમાં જઈએ છીએ. પણ આપણે જ્ઞાની કેવી રીતે બનીશું ? જેના લીધે આપણે સાચા સુખની અનુભૂતિ કરી શકીએ છીએ ? આપણે જીવનના કપરા સમયમાં બહુ જ નિરાશ

થઈએ કે ઉદાસ થઈ જઈએ ત્યારે તેમાંથી બહાર આવવા અને સુખ-શાંતિ અનુભવવા આપણે મંદિરમાં જઈને પ્રાર્થનારૂપી દવા અથવા તો સંતના સત્સંગથી સ્વસ્થ થઈએ છીએ.

હવે સમજાયું ને કે, મંદિરની જરૂર કેમ છે ?

તમને એવું થાય કે, "આપણા ભારત દેશમાં અને વિદેશમાં કેમ આટલાં બધાં મંદિર હશે ?"

બાળદોસ્તો,

વિચારો...!

આખા વિશ્વમાં એક જ શાળા હોત તો શું થાત ? આખા ભારતમાં ફક્ત એક જ શાળા હોય તો ?

તો........તો..........આપણે અત્યારે આપણા ઘરની નજીક કે આપણા ગામ કે શહેરની શાળામાં અભ્યાસ કરી રહ્યા છીએ તેવો અભ્યાસ ન કરી શકીએ.

તેવી જ રીતે,

આખા વિશ્વમાં કે દેશમાં જો એક જ મંદિર હોય તો આપણે બધાએ મનની શાંતિ મેળવવા, પૂજા-પ્રાર્થના કરવા કેટલા દૂર જવું પડે તેમજ હજારો-લાખો ભક્તોની લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે. તો વિચારો, આવું હોત તો શું થાય ? હવે સમજાયું ને કે, સૌ સંતો-ભક્તોની સરળતા માટે ગામે ગામ, શહેરોમાં મંદિરો બનાવવામાં આવે છે.

આપણા માટે શ્રીજી મહારાજે પોતાની હયાતીમાં અમદાવાદ, ભૂજ, વડતાલ, ધોલેરા, ગઢડા, અને જૂનાગઢમાં મંદિરો રચ્યાં.






































આપણા વ્હાલા સાહેબદાદાએ ડેન્હમ (યુ.કે.), એલનટાઉન (યુ.એસ.એ.), ભારતમાં ખારઘર, સુરત, વેમાર, અમદાવાદ અને મોગરી ખાતે ભવ્ય શિખરબદ્ધ મંદિરો રચ્યાં તેમજ ભારતમાં અને વિદેશમાં પ્રદેશ/ગામ/શહેરના ભક્તોની જરૂરિયાત પ્રમાણેના હરિમંદિરમાં શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા કરીને મંદિરોની અમૂલ્ય ભેટ આપી છે. આ મંદિરોમાં થતી અઠવાડિક સત્સંગસભા બાળસભા, યુવકો-યુવતીઓની સભા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા અનેક ભક્તોને જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભર્યાં ભર્યાં કર્યાં છે. અનેક યુવાનોની વ્યસન-કુસંગથી રક્ષા કરી. જીવનનો સાચો માર્ગ બતાવી, સમાજના ઉત્તમ નાગરિક બનાવ્યા છે.

આપ સૌ જાણો જ છો કે, હાલ કોરોના મહામારીને કારણે જ્યારે આખુંય વિશ્વ એક બંધ ઓરડામાં પુરાઈ ગયું ત્યારે Online સભા દ્વારા આપણે સૌ એકબીજાંની એકદમ નજીક આવી ગયાં. સૌ ભક્તોમાં એકબીજા પ્રત્યેનું માહાત્મ્ય વધ્યું. આ બધું જ શક્ય બન્યું કારણ કે, આપણને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના પ્રગટ ગુણાતીત સ્વરૂપે ગુરુહરિ સંતભગવંત સાહેબદાદા મળ્યા અને સૌને "મંદિર" દ્વારા એક સ્થાને જોડી રાખ્યાં. એક વાત ખાસ સમજવા જેવી છે. આપણે જેવા સ્થળે જઈએ તેવા વિચાર આવે. શાળાએ જઈએ, રમતગમતના મેદાનમાં જઈએ, ખરીદી કરવા કે કોઈ મિત્રને ત્યાં પાર્ટીમાં જઈએ ત્યાં તે પ્રવૃત્તિમાં પૂરેપૂરા જોડાઈએ. મંદિરમાં જઈએ તો તેના જ રંગે રંગાઈ જઈએ. મંદિરમાં શ્રીઠાકોરજીની ઉપસ્થિતિથી અને મંદિરમાં થતી પ્રવૃત્તિથી આપણામાં સારા સારા વિચારોનું આરોપણ થાય છે. જેમ જેમ મંદિરમાં જતા જઈએ તેમ તેમ આપણે સાચા અર્થમાં ભગવાનના બાળક બની જઈએ.

બાળદોસ્તો, આજે આપણે "મંદિર"ના માહાત્મ્યની તેમજ મંદિર શા માટે ? જેવી પાયાની સમજણ મેળવી. આવી કેટલીક મંદિર વિશેની આધ્યાત્મિક સમજણ આવતા અંકે મેળવીશું.



લેખક: પૂ. રાહગીર પટેલ, નડીઆદ.






બાળવાર્તા

# સિંહની સભા (ભાગ-૨)


વિક્રમ સંવત ૨૦૭૭ની કારતક સુદ એકમ. નૂતનવર્ષ ૨૦૭૭નો શુભ આરંભ. તા.૧૬ નવેમ્બર, ૨૦૨૦ ને સોમવાર. સૂર્યોદય થતાંની સાથે જ સરસ મજાનો કેસરી પ્રકાશ પૂર્વ દિશાની પ્રાચીર (કિલ્લાની દીવાલ) ઉપર રેલાઈ રહ્યો છે. આજે સમગ્ર વિશ્વનાં પશુ-પક્ષીઓ zoom નામની application દ્વારા મોબાઈલ કે કૉમ્પ્યુટરની મદદથી ગીરના રાજા સિંહે યોજેલી નવા વર્ષની શુભેચ્છા સભામાં જોડાવા માટે થનગની રહ્યાં છે. સવારના ૮ વાગ્યાનો સમય થતાંની સાથે જ સૌ Online થઈ ગયાં. તમામ પશુ-પંખીઓએ સૂચના મુજબ પોતાના મોબાઈલમાં zoom applicationનો અવાજ Mute કરી પોતાનો Video On કરી દીધો. આ મીટિંગમાં કોણ કોણ જોડાયાં છે ? તે સૌ આતુરતાપૂર્વક જોવા લાગ્યાં. સિંહની ગર્જના સાથે આ સભાનો શુભારંભ થયો.

સભાના પ્રારંભે અનુપમ મિશન બાળ સત્સંગ મંડળના કાર્યકર સાધુ સરજુદાસની નૂતનવર્ષની શુભકામનાઓ સાથે બાળકોએ આવાહ્ન શ્લોકના ગાન બાદ સુંદર મજાનું ભજન 'અમે બ્રહ્મજ્યોતિમાં ખીલ્યા રે...' ગાયું.



બાદમાં બ્રહ્મજ્યોતિમાં વસતા સસલાભાઈએ હાંહાંગડથલ કરતું સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે, 'આજે zoom ઉપર ભરાયેલ આ શુભેચ્છા સભામાં નૂતનવર્ષની શરૂઆત થઈ રહી છે ત્યારે સમગ્ર વિશ્વની જુદી જુદી પ્રજાતિઓનાં પ્રાણીઓ અને પંખીઓને આવકારીને શુભેચ્છાઓ પાઠવું છું. સાથે સાથે સૌને જરૂરી અને પૂરતો પોષણક્ષમ ખોરાક, ચણ, પાણી અને નિવાસ કરવાની સઘળી વ્યવસ્થા માનવજાતના નડતર વગર મળી રહે તેવી પ્રભુ ચરણે પ્રાર્થના પણ ધરું છું.'

આજના આ શુભ અવસરે એશિયન હાથી પ્રાસંગિક શુભેચ્છાઓ પાઠવીને જણાવી રહ્યા છે કે, 'વન-વગડા ઘટી રહ્યાં છે ત્યારે જરૂરી ઘાસચારો મળતો નથી તેથી એશિયન હાથી અને આફ્રિકન હાથીની પ્રજાતિ નાશ પામવા જઈ રહી છે તથા સમગ્ર ઈકોલોજીની આહારકડી (Food Chain) તૂટી રહી છે તે બાબતે વિચારવાનો સમય પાકી ગયો છે અને સાથે સાથે આ બાબતે આપણે માનવજાત સાથે બેસીને યોગ્ય દિશામાં પગલાં ભરવાનો નિર્ણય હાથ નહીં ધરીએ તો સમગ્ર બ્રહ્માંડના આ અલૌકિક ગ્રહ પૃથ્વીના અસ્તિત્વ ઉપર ખતરો મંડરાઈ રહ્યો છે તે હકીકત છે. તો આ નૂતનવર્ષે આ બાબતોને ધ્યાને લઈ આપણે સંકલ્પ કરવો જરૂરી બન્યો છે કે, અમો કોઈ પણ હાલતમાં પૃથ્વીને બચાવીશું.'



સમગ્ર સભાનું સંચાલન કરી રહેલ સુગરીબહેને બ્રહ્મજ્યોતિમાં વસતા તમામ મોરના પ્રમુખ કલાપીભાઈને આવકાર્યા. કલાપીભાઈએ 'ટેહૂંક...ટેહૂંક...'ના કેકારવ સાથે નૂતનવર્ષનાં વધામણાં કર્યાં તો સાથે સાથે વરસાદની અનિયમિતતા અંગે ચિંતા પણ વ્યક્ત કરી.



આ સભામાં લીલા લીલા પોપટભાઈએ સૌને સાલમુબારક કર્યા અને વધી રહેલાં કોંક્રીટ જંગલો અને ઘટી રહેલાં લીલા જંગલો માટે શું કરવું ? તે વિચારણા કરવા માનવજાતને શું કહીશું ? આ બાબતે દુઃખ પણ વ્યક્ત કર્યું.

વળી, ચકલાભાઈ અને ચકલીબહેને ખેતરોમાં છંટાઈ રહેલ રાસાયણિક ખાતરોના કારણે પશુ-પક્ષીઓને ખોરાક મેળવવામાં પડી રહેલ આપદાને વ્યક્ત કરતાં સૂત્રો રજૂ કર્યાં ને પશુ, પક્ષી અને જીવજંતુઓની મહારેલી કાઢવા સૂચન કર્યું.








વનરાજ સિંહે સસલાભાઈએ રજૂ કરેલ માગણીની યથાયોગ્ય જવાબદારી પોતે ઉપાડશે તેમ આશ્વાસન આપ્યું. વળી, આ સભામાં દેશ-વિદેશમાં વસતાં વિવિધ પશુ-પંખીઓએ પણ એકબીજાંને Happy New Year કર્યા. અને ત્યાં તો અનુપમ મિશનના અધિષ્ઠાતા સંતભગવંત સાહેબદાદા આ સભાની પ્રારંભથી સૌને સાથે જોડાયેલા છે એમ જાણ્યું તે સાથે જ આજના MOC સુગરીબહેને સાહેબદાદાના ચરણોમાં આશીર્વાદ અર્પણ કરવા પ્રાર્થના ધરી. સાહેબદાદાએ આશીર્વાદ આપતાં કહ્યું,. 'સૌની સરસ મજાની વાતો સાંભળી, સાથે સાથે સૌને પડી રહેલ તકલીફ પણ જાણી... આપણે ગુણાતીત સમાજના મુક્તોમાં ઇકૉલોજીને બચાવવાની આહલેક જગાડીશું. ગુણાતીત સમાજના સૌ ભક્તોને વિનંતી કે, આ ઇકોલોજી સરસ રીતે જળવાઈ રહે તે માટે દરરોજ પાંચ માળા કરજો ... શ્રીઠાકોરજી... સૌ ગુણાતીત સ્વરૂપો... સદ્‌ગુરુ સંતોની સૌ ઉપર કૃપા વરસશે જ... હું પણ દરરોજ ૧૧ માળા કરીશ...! નૂતન વર્ષે આપ સૌ ખૂબ ખૂબ સુખિયા થાવ તેવી પ્રાર્થના. ભગવાન શ્રીસ્વામિનારાયણ, સૌ ગુણાતીત સ્વરૂપો તથા સ્વર્ણ મંડિત શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને બ્રહ્મજ્યોતિ મંદિરમાં પધરાવ્યા છે તો તેઓ આપણી પ્રાર્થના જરૂર સાંભળશે... સૌ નિશ્ચિંત રહેજો... સહજાનંદસ્વામી મહારાજની જય...'

સુગરી : સાહેબદાદા, સરસ મજાના આશીર્વાદ માટે આપનો ખૂબ ખૂબ આભાર અને આપને શત શત પ્રણામ...હવે સભાના આયોજક વનરાજ કેસરી (એટલે કે સિંહ)ને પ્રાસંગિક પ્રસન્નતા વ્યક્ત કરવા વિનંતી.

સિંહરાજા : સૌ પ્રથમ તો સાહેબદાદા...આપના ચરણોમાં વંદન...સમગ્ર વિશ્વનાં પ્રાણીઓ, પક્ષીઓ અને જીવજંતુઓને નવા વર્ષની શુભેચ્છા સાથે જય વિશ્વ... જય જંગલ... આપ સૌ સમય સંજોગોને અનુકૂળ થઈ zoom ઉપર ભેગાં થયાં તે આનંદની વાત છે... આજે તમારી તકલીફો સાંભળી... તેનો યોગ્ય ઉકેલ લાવવા જરૂર પ્રયત્ન કરીશું. તે માટે પરમ કૃપાળુ પરમાત્મા અને સાહેબજીને પ્રાર્થના છે... હા... બીજી એક ખાસ વાત કે, આ કોરોના કાળ જતો રહે તે પછી મારી આ ગુફાની બહાર બધા માટે એક સરસ મજાની મિજબાની (Party-પાર્ટી) ગોઠવીશું. ગુરુવર્ય સંતભગવંત સાહેબદાદાને તે દિવસે સૌ સંતો સાથે પધારી મહાપૂજા કરવા અને તે બાદ મહાપ્રસાદ ગ્રહણ કરવા આજે અહીંથી જ વિનંતી કરું છું. સૌને પુનઃપુનઃ ખૂબ અભિનંદન....સૌને નૂતનવર્ષાભિનંદન...!



સુગરી : સિંહદાદા, આપનો ખૂબ ખૂબ આભાર... અમારી તકલીફો સમજવા માટે... તેનું નિરાકરણ લાવવા અને પાર્ટીના આમંત્રણ માટે... હવે શિયાળભાઈ આભારવિધિ કરશે.

શિયાળ : વ્હાલા સાહેબદાદા, સિંહદાદા અને zoom ઉપર હાજર રહેલ સર્વેનો અત્રે આભાર માનું છું. સાહેબદાદાએ અર્પેલ આશીર્વાદ માટે તેઓના વિશેષ આભાર. જો કે હવે સમય બહુ થઈ ગયો છે. બધાંને ખોરાકની શોધમાં જવાનું હોઈ મારી વાતને અહીં વિરામ આપું છું. સૌને સાલમુબારક.

સુગરી : અત્રે આ સભા સમાપન શ્લોકના ગાન સાથે પૂરી કરીએ. ત્યાર બાદ નવા વર્ષની શુભેચ્છાઓ એકબીજાને આપી શકે તે માટે જોડાયેલ તમામના માઈક unmute કરીશું. તો સૌ એકબીજાને શુભેચ્છા પાઠવશો. ચાલો... આવજો !

સમાપન શ્લોકના ગાન બાદ... ઉત્સાહપૂર્વક અને ઉમંગભેર સૌ પશુ, પંખીઓ અને જંતુઓએ પોતાના સુમધુર અવાજમાં એકબીજાને શુભેચ્છાઓ પાઠવવાનું શરૂ કર્યું ત્યાં તો zoom applicationમાં જુદા જુદા અવાજ આવવાના શરૂ થઈ ગયા.

Kuu......અં..... બા..... અં..... બા..... ક્વેક..... ક્વેક.....

Happy New Yearrrrrrrrr...

શુભ દીપાવલી...... ! નૂતન વર્ષાભિનંદન...! સાલમુબારક.. મી... ડું... મી.. ડું..

સૌને સિંહની આ સભાની સ્મૃતિઓને વાગોળતાં વાગોળતાં આજની મીટિંગ End કરી દીધી. અને સાથે સાથે એક ઇંતજાર પણ છે... ક્યારે પાર્ટી માટે ભેગાં થઈશું.

~ લેખક : સાધુ સુનીલદાસ





# આપણો તહેવાર : વસંત પંચમી

**વસંતપંચમી** મહા સુદ પાંચમના દિવસે (જાન્યુઆરીના ચોથા સપ્તાહથી ફેબ્રુઆરીના બીજા કે ત્રીજા સપ્તાહ દરમિયાન) આવે છે. ભારતીય સંસ્કૃતિના માનવા પ્રમાણે આ દિવસથી શિશિરઋતુનો પ્રારંભ થાય છે. વસંતઋતુ આવે એટલે મધુમાલતી, મોગરા, કેસૂડા જેવાં સુગંધીદાર પુષ્પો ખીલે, આંબા ઉપર મોર આવે અને વૃક્ષો ઉપર પાનખરમાં ખરી પડેલ પાંદડાંની જગ્યાએ કૂંપળો ફૂટી નવાં પાન આવવાનાં શરૂ થાય છે. વસંતુઋતુ આવે એટલે ઠંડી ઓછી થાય અને થોડી થોડી ગરમીની શરૂઆત થાય છે.



વૈદિક પરંપરા મુજબ આ દિવસે સરસ્વતીદેવીની પૂજા કરી બાળકના હાથમાં કલમ (pen-પેન) પકડાવી અક્ષરલેખનનો પ્રારંભ કરાવવામાં આવે છે. શીખ સમાજના લોકો આ દિવસે પતંગોત્સવ મનાવે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે વિક્રમસંવત ૧૮૮૨ (ઈ.સ.૧૮૨૬)ની વસંતપંચમીએ વડતાલ ધામમાં બિરાજી 'શિક્ષાપત્રી'નું લેખન કર્યું હતું. તેઓએ ૨૧૨ શ્લોકમાં સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તોએ પાલન કરવાના નિયમો અને




વડતાલમાં શિક્ષાપત્રી લખતા સહજાનંદ સ્વામી.

તેની સમજૂતી આપેલ છે. વસંતઋતુમાં લખાયેલી 'શિક્ષાપત્રી'નું પાલન કરવાથી જીવનમાં કાયમ વસંતકાળ રહે છે. ભારતના પૂર્વ નાયબ વડાપ્રધાન અને ગૃહપ્રધાન સરદાર પટેલના જણાવ્યા મુજબ



જો દેશના લોકો 'શિક્ષાપત્રી'નું પાલન કરે તો દેશમાં ફોજદારી કાયદો, પોલીસ અને અદાલતોની ઓછામાં ઓછી જરૂર પડે.

શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનનું યુગકાર્ય કરનાર, મધ્ય મંદિરોમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવનાર અને બી.એ.પી.એસ.(BAPS)ના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું પ્રાગટ્ય પણ વિક્રમ સંવત ૧૯૨૧ની વસંત પંચમી (તા.૩૧.૧.૧૮૬૫)ના રોજ વડતાલ પાસેના મહેળાવ ગામમાં થયું હતું.



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ

અનુપમ મિશનના અધિષ્ઠાતા સંતભગવંત સાહેબદાદા દ્વારા નિર્માણ પામેલ ઉપાસના ધામ, અમદાવાદની મૂર્તિપ્રતિષ્ઠા વિક્રમ સંવત ૨૦૭૩ની વસંતપંચમી (તા.૧.૨.૨૦૧૭) ને બુધવારના રોજ કરવામાં આવી. જે ધામનો આજે અનેક ભક્તો સત્સંગ અને દર્શનનો લાભ લઈ રહ્યાં છે.




ઉપાસના ધામ, અમદાવાદ

લેખક : સાધુ સુનીલદાસ, નડીઆદ.



**સાહેબદાદાએ બધાં બાળકોને આપણા ઘરમંદિરમાં આ પ્રવૃત્તિઓ ખાસ કરવાની આજ્ઞા કરી છે...**

(૧) T ____ A _____

(૨) ____ AR ____ ____ ____ N

(૩) D____ N D____ ____ ____

(૪) P ____ ____ R ____ ____ A ____ ____

(૫) A ____R _____ _____

Answers:- 1) THAL 2) AARTI 3) DANDVAT 4) DARSHAN 5)PRARTHNA

## અનુપમ મિશનના 'મંદિરજી'ના અક્ષરમહોલની મૂર્તિઓનાં જોડકાં રચો...

**A**

(૧) બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ

(૨) બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામી

(૩) બ્રહ્મસ્વરૂપ કૃષ્ણજીઅદા

(૪) બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ

(૫) બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

**B**













સંકલન : પૂ. ઉર્જાબહેન પટેલ, મોગરી

# અજોડ સાધુતાના કસબી બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ

ભગવાન રાખે તે સાધુ ! પછી તે ત્યાગી હોય કે ગૃહી, ભગવાં વસ્ત્રમાં હોય કે અન્ય કોઈ પરિવેશમાં ! ગુણાતીતભાવ પામવો તે અગત્યની બાબત છે જે એવા ગુણાતીત ભગવાન ધારક સંત થકી જ પમાય. ભગતજી મહારાજે અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી અને પછી અનાદિ મૂળ અક્ષર મૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને સેવી ગુણાતીતભાવ સુદૃઢ કર્યો અને બ્રહ્મસ્વરૂપની સ્થિતિને પામ્યા.




| | |
|---|---|
| મૂળ નામ | : પ્રાગજી |
| પિતાનું નામ | : ગોવિંદભાઈ |
| માતાનું નામ | : રૂપાબા |
| વ્યવસાય | : દરજીકામ |
| પ્રાગટ્ય તિથિ | : સંવત ૧૮૮૫ની ફાગણ સુદ પૂર્ણિમા (હોળી ઉત્સવ) તા.૨૦ માર્ચ ૧૮૨૯, શુક્રવાર |
| પ્રાગટ્ય સ્થાન | : ભાવનગર જિલ્લાનું મહુવા ગામ |
| ગુરુ | : ગોપાળાનંદ સ્વામી અને તેઓના અંતર્ધાન થયા બાદ ગુણાતીતાનંદ સ્વામી |
| પ્રાગજી ભક્ત (ભગતજી મહારાજ) | : સ્વામિનારાયણ ભગવાનના આધ્યાત્મિક વારસાને વહાવનાર બીજી પેઢીના ગુણાતીત સ્વરૂપ |

પ્રાગજી ભક્તની સૌમ્ય, શાંત અને સરળ પ્રકૃતિ તેમની અલૌકિક બ્રાહ્મીસ્થિતિની સૌને પહેલેથી જ અનુભવ કરાવતી. પીઠવડી ગામે ગોપાળાનંદ સ્વામીએ પ્રાગજીને પ્રથમવાર જોયા ત્યારે જ સ્વામી બોલ્યા હતા કે, "આ તો પૂર્વના ભક્ત છે." ગોપાળાનંદ સ્વામી સાથે પ્રીતિ થઈ અને સત્સંગ સમાગમનો દોર શરૂ થયો. ગોપાળાનંદ સ્વામીએ અંતિમ સમયે પ્રાગજીને આશિષ આપતાં કહ્યું હતું કે, "પ્રાગજી ! તું જૂનેગઢ જજે અને અમે તને જે જે કૉલ આપ્યા છે તે સર્વે સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી પૂરા કરશે.''


પ્રાગજીભક્ત ગુણાતીતાનંદ સ્વામીને મળ્યા, ત્યારે સ્વામી બોલ્યા કે, 'આ સાધુ પણ ગોપાળાનંદ સ્વામીની પેઠે જ શાંતિ પમાડે તેવા છે માટે અહીં રહો.' સ્વામીના વચને પ્રાગજી ભક્ત જૂનાગઢ રહ્યા. તેઓને અંતરે સુખ ને શાંતિ વ્યાપી ગઈ.

મહિમાથી અઢળક સેવાઓ કરી દેહ અને મનના ચૂરેચૂરા કરી પ્રાગજી ભક્તે સ્વામીને અપાર રાજી કરી લીધા.



તેઓએ આચાર્ય મહારાજના આગમન પ્રસંગે આસમાન ભરાય તેવી કલાત્મક સુંદર ચંદની બનાવી અને ઠાકોરજીના વાઘા સીવ્યા. તેનાં દર્શન કરી સ્વામી ખૂબ પ્રસન્ન થયા. સ્વામીના સંકલ્પે જૂનાગઢમાં ધર્મશાળા બનતી હતી ત્યારે ભગતજીમહારાજે ચૂનો કાલવવો, રસોઈ કરવી, રેતી ફેરવવી, વતું કરવું, મરેલું કૂતરું ખસેડવું, એઠવાડની કુંડી સાફ કરવી, માંદાની સેવામાં રહેવું આદિ અનેકવિધ સેવામાં દેહ હોમી દીધો. કોઈ દેહની કાળજી રાખવા જણાવે ત્યારે પ્રાગજી કેફથી કહેતા કે, 'ગુણાતીતાનંદ સ્વામી માટે મારો દેહ કુરબાન છે. આવી સેવાથી અંતરનો કાટમાળ સાફ થાય છે.' તેમને કોઈ સેવા કરવામાં નાનપ જ નહીં. ગુણાતીતાનંદ સ્વામી અંતરથી રાજી થઈ ભગતજીને વર માંગવા કહ્યું.

પ્રાગજીભક્તે ગુણાતીતાનંદ સ્વામી પાસે માગ્યું કે, 'હે સ્વામી ! જો આપ ખરેખર રાજી થયા હોય તો




આપ જ્યાંના વાસી છો તે ધામનાં દર્શન કરાવો, આપનું સ્વરૂપ ઓળખાવો, આપનો અને આપના સંબંધવાળાનો દાસ બનાવો ! ખરા અર્થમાં સુખ, શાંતિ અને આનંદ પમાડો !'

ભગતજીની માગણીથી સ્વામીએ અતિશય રાજી થઈ આશિષ આપ્યા અને ભગતજી બ્રાહ્મીસ્થિતિને ધારક ગુણાતીત સ્વરૂપ થયા. હવે, પ્રાગજી ભક્ત ભગતજી મહારાજ સ્વરૂપે સૌના અંતરે બિરાજ્યા. ગુણાતીતાનંદ સ્વામીને કોઈ પૂછે તો તેઓ કહેતા કે, 'અક્ષરધામની કૂંચી તો ભગતજીને આપતા અપાઈ ગઈ.' સ્વામી સ્વધામ સિધાવ્યા ત્યારે પણ બોલેલા કે, 'હવે અમે મહુવે જઈને રહીશું...' એટલે કે મહુવાના ભગતજી મહારાજમાં પ્રગટ રહીશું, તે મર્મની વાત ગુણાતીતાનંદ સ્વામીએ કરી.



ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી ભગતજી મહારાજને સંબંધનો અલૌકિક મહિમા હતો તે વાત એક પ્રસંગથી છતી થાય છે. એક વખત કેટલાક ટીખળીખોર યુવાનોએ ભગતજીની મશ્કરી ઉડાવવાના ભાવથી એક કૂતરાના કપાળે તિલક-ચાંદલો કર્યો અને બજારમાં રખડતું મૂકી દીધું. ભગતજી મહારાજે તિલક-ચાંદલો ધારણ કરેલ કૂતરાનાં દર્શન કર્યાં કે તરત જ ભરબજારમાં સૌના આશ્ચર્ય વચ્ચે રસ્તા પર જ કૂતરાને દંડવત કરી દીધા. આ જોઈ સૌ નવાઈ પામી, ભગતજીની સંતદશાને અનુભવી તેમને વંદી રહ્યા.

હવે તો ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાનો મહિમા છડેચોક ગાવા માંડ્યો. સ્વામી જ મૂળ અક્ષરમૂર્તિનો અવતાર છે તે વાત તેમણે અનેકોના જીવમાં જડી દીધી. એક પ્રસંગે ભગતજી મહારાજ સાથે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનો મેળાપ થયો. તેઓની તેજસ્વીતા, શૂરવીરતા અને બ્રાહ્મીશક્તિને પારખી ભગતજી મહારાજે તેમને શ્રી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરાવી. ગુણાતીત વારસો શાસ્ત્રીજી મહારાજને અર્પી સંવત ૧૯૫૪, કાર્તિક સુદ તેરશના રોજ મહુવા મુકામે ૬૯ વર્ષની ઉંમરે ભગતજી મહારાજ દેહલીલા સંકેલી સ્વતંત્ર થકા સ્વધામ પધાર્યા.



સંકલન : ડૉ. ધનંજય પટેલ, મોગરી.



# શબ્દ શોધ

બાળદોસ્તો !

નીચે આપેલ ઊલટ-સૂલટ શબ્દોમાં કોઈ નામ, ગામ, સ્થળ, વસ્તુ કે તહેવાર વગેરે છુપાયેલાં છે. જેને વ્યવસ્થિત ગોઠવી સાચું નામ લખો. સાચા નામનો જે અક્ષર આપેલ ◯ વર્તુળ માં આવે તેને ◯ માં ગોઠવી જુઓ અને કહો કયો શબ્દ બને છે ?



- ભા શુ ઈ જ : ◯___ ___ ___ ___
- મ ય ન્વ સ : ___ ___ ___ ◯___
- ળ શ્રી ફ : ◯___ ___ ___
- ત ગ સ્વા : ◯___ ___ ___
- લ ડુ મિ ના ત : ___ ◯___ ___ ___ ___
- મ સ પા ના ધા ઉ : ___ ___ ___ ◯___ ___ ___
- મ પ્ર પ તા રા : ◯___ ___ ___ ___ ___
- રા ય ણ ઉ ત્ત : ___ ___ ___ ◯___ ___
- ર વિ ચ ણ ન વ : ___ ___ ___ ___ ___ ◯___

◯◯◯ ◯◯◯◯◯◯



- સંકલન : રાહગીર પટેલ, નડીઆદ.




Regd. News Paper / Air Mail / Book Post
Anoopam Tarla Monthly R.N.I.New Delhi No.: 2019035472 *
* Date of Publication : 1st Day of each BiMonth
* Date of Posting : 5th day of each BiMonth* Posted at: Nadiad Post Office
Date of Dispatch : 15th February, 2021 * Office of Origin : Nadiad
Editor : Sunilkumar D. Pandya * Published by : Sunilkumar D. Pandya
on behalf of Anoopam Mission.*
Published at : Nadiad 387 001, Gujarat Printed by : Dhananjaybhai H. Shah
* Printed at : Krishna Offset Printers, Nadiad - 387 002

If Undelivered Please return to :
**Sharda Mandir Day School, B/h.Madhavbaug, Dakor Road,**
Nadiad - 387 001 Gujarat, India
Phone : (0268) 2561061 / 2561063
email : amindia@anoopam.org * website: www.anoopam.org

Mandir Mahotsav Year, 2020 - Free subscription
Followed by annual subscription of Rs. 50/-

Air Mail / Book Post

To,